


ધર્મેશ પટેલ

## કેમિકલ ભરેલા ટેમ્પોમાં આગ બાદ જોરદાર ધડાકો

**ચીખલી** હાઈવે પર ટેમ્પોમાંથી ધુમાડો નીકળતા ચાલક ઊતરી જતાં બચ્યો, મોટો વિસ્ફોટ થાય તે પહેલાં આગ કાબૂમાં આવતા હાશકારો

ઘેજ: ચીખલી હાઈવે ઓવરબ્રિજ ચાર રસ્તા પાસે વહેલી સવારે અંકલેશ્વર કેમિકલ લઈ જતાં ટેમ્પોમાં ધડાકા સાથે આગ ફાટી નીકળતા દહેશતનો માહોલ સર્જાયો હતો.

મહારાષ્ટ્રના ભીવંડીથી ગુજરાતના અંકલેશ્વર સ્થિત પાનોલી કેમિકલ ભરી જઈ રહેલા આઈસર ટેમ્પો (નં. યુપી ૪૬ ટી ૮૮૬૧)માં આજે વહેલી સવારે ચીખલી નેશનલ હાઈવે ૪૮ પર ચાલુ ગાડીએ અચાનક ધુમાડા નીકળવાનું શરૂ થતાં ટેમ્પો ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી આઈસરને સર્વિસ રોડ ઉપર લઈ ઓવરબ્રિજ ચાર રસ્તા સ્થિત જય ભારત હોટેલ પાસે ઊભી રાખી ઊતરી ગયો હતો આ દરમ્યાન એકાએક ટેમ્પોમાંનુ એક ડ્રમ ધડાકા સાથે હવામાં ઉછળતા આગની જ્વાળા અને ધુમાડાના ગોટે ગોટા પ્રસરી ગયા હતા અને આગે મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું, જેને લઈને આ ભીડવાળા વિસ્તારમાં એક સમયે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ટેમ્પોમાં કાર્બન ડાયસલ્ફાઈડ નામનું જ્વલનશીલ કેમિકલ ભરેલું હોવાથી આગ કાબૂમાં ન આવે તો મોટો વિસ્ફોટ થવા સાથે જાનહાનિ પણ થઈ શકે તેવી સ્થિતિમાં ચીખલી તાલુકા પંચાયત અને ગણદેવી નગરપાલિકાના ફાયર ફાઈટરો ઘટનાસ્થળે ધસી આવી પાણીનો મારો ચલાવી બે કલાક બાદ આગને કાબૂમાં લીધી હતી અને સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી પરંતુ કેમિકલ, ટેમ્પો સળગી જતાં મોટુ નુકસાન થયું હતું. હાઈવે પર વાહનોની અવરજવરને લઈ ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાય તે માટે પોલીસ પણ તાત્કાલિક આવી ઓવરબ્રિજના સર્વિસ રોડ પર એક તરફનો વાહન વ્યવહાર ચાલુ કરાવી ટ્રાફિક હળવો કરાયો હતો.

## ટુકવાડા ગામે લીવઈનમાં રહેતી મહિલાએ ફાંસો ખાધો

પારડી: ટુકવાડા ગામે આવેલી વર્માની ચાલમાં ૨૬ વર્ષીય પ્રીતીદેવી ગૌતમ નામની મહિલાએ પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે. મૃતક છેલ્લા ચાર વર્ષથી રાકેશકુમાર ગૌતમ સાથે લીવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. બનાવની વિગત મુજબ, રાકેશકુમારને કમરના દુખાવાની સારવાર માટે ઉત્તર પ્રદેશ (વતન) જવાનું હતું. પ્રીતીદેવીએ પણ સાથે આવવાની જીદ કરી હતી. પરંતુ રાકેશકુમારે ના પાડતા છેલ્લા ચાર દિવસથી બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી ચાલતી હતી. ૧૮ માર્ચના રોજ ફરી આ બાબતે ઝઘડો થતાં રાકેશકુમાર બાજુના રૂમમાં સૂવા ગયા હતા. જેથી આવેશમાં આવી પ્રીતીદેવીએ ઘરમાં ફાંસો ખાઈ લીધો હતો. પારડી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંસદામાં રૂ. ૬૩.૮૪ કરોડનાં વિવિધ કામોનાં ખાતમુહૂર્ત, લોકાર્પણ



નિલેશ કાપડીયા

વાંસદા: વાંસદાના વિકાસને વેગ આપતા રસ્તા અને મકાન વિભાગ અંતર્ગત ખાંભલા, ચોરવણી, પીપલખેડ અને લીમઝર ગામે વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું ભવ્ય લોકાર્પણ અને ખાતમુહૂર્ત/ ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયા હતા. જેમાં મુખ્ય મહેમાન તરીકે કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, આદિજાતી વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ, તથા વલસાડ- ડાંગના સાંસદ ધવલભાઇ પટેલના વરદ હસ્તે રૂ. ૬૩.૮૪ કરોડના રસ્તા અને મકાનોના કુલ ૮૫ કામોનું જનતા માટે લોકાર્પણ અને ખાતમુહૂર્ત/ભૂમિપૂજન કરવામાં આવ્યા હતા. જેમાં જિ. અધ્યક્ષ ભુરાભાઈ શાહ, જિ. ભાજપ મહામંત્રી લોચન શાસ્ત્રી અને શાંતિલાલ પટેલ વાંસદાના પ્રભારી મનીષભાઈ તથા સરપંચો, ગ્રામજનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ગણદેવીમાં મચ્છરોનો ત્રાસ, ફોગિંગ કામગીરી શરૂ



કેરસી બારીયા

બીલીમોરા: ગણદેવી નગરપાલિકા વિસ્તારમાં મચ્છરો અને જીવ-જંતુઓનો ઉપદ્રવ વધતા મચ્છરજન્ય તેમજ વાયરલ ઈન્ફેકશન જેવા રોગ ફેલાવાની ભીતિ ઊભી થતાં લોકોમાં ચિંતા વ્યાપી છે. સ્થિતિને ધ્યાનમાં રાખીને ગણદેવી નગરપાલિકા તંત્ર હરકતમાં આવી ફોગિંગ કામગીરી શરૂ કરી હતી.સં ભવિત મચ્છર ઉત્પત્તિના સ્થળોએ દવાનો છંટકાવ પણ હાથ ધરાયો હતો. નગરના જલારામ મંદિર વિસ્તાર, ખડીખાડી, નવી તેલુગુ સોસાયટી, નવીનગરી, વૃંદાવન સોસાયટી સહિત અનેક વિસ્તારોમાં મશીનો દ્વારા ફોગિંગ કરવામાં આવતા મચ્છરોના ઉપદ્રવમાં ઘટાડો થવા લાગ્યો છે અને નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

### વઘઈમાં ટેમ્પો ચોરી કરનાર બે ઝડપાયા




ગિરીશ ભોયે

સાપુતારા: વઘઇ ટાઉનમાંથી પિકઅપ ગાડીની ચોરીમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. ફરિયાદી મહમદ અયાઝ નાસીરભાઇ ધાનાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની પિકઅપ (નં. GJ 26 U 1848) વઘઇ હનુમાન ફળીયા પુલ પાસે રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો આશરે ૮ લાખની કિંમતનું આ વાહન ચોરી કરી નાસી છૂટ્યા હતા. વઘઈ પોલીસે ગણતરીના કલાકોમાં જ મહારાષ્ટ્ર અને ગુજરાતની સરહદ પરથી દેવીદાસભાઇ રામજયાભાઇ ભોયે (ઉં.વ.૪૨, રહે., મોટામાળગામ, તા. સુરગાણા, જિ. નાસિક મહારાષ્ટ્ર) અને મધુભાઇ રામજયાભાઇ ભોયે (ઉં.વ.૩૫, રહે., જામનવિહિર, તા. આહવા, જિ. ડાંગ)ની અટકાયત કરી ટેમ્પો કબજે કર્યો હતો.

### ઉમરગામના ખતલવાડામાં ATM સેન્ટરમાં આગ લાગી, રોકડા બચી ગયા



ઉમેશ સોલંકી

ઉમરગામ: ઉમરગામના ખતલવાડા ગામે એચડીએફસી બેન્કના એટીએમ કેબિનમાં વહેલી સવાર અચાનક આગ લાગવાની ઘટના ભાગડોદ મચી જવા પામી હતી. સ્થાનિક લોકો તથા દોડી આવેલા ફાયર ફાઈટર ટીમે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આગમાં કેબિન તથા મશીનને નુકસાન થયું હતું. જો કે આ આગની ઘટનામાં એટીએમ મશીનમાં રહેલી રોકડ રકમ સુરક્ષિત રહી હતી. આગ લાગવાનુ કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. પરંતુ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતાં બેંકના કર્મચારીઓ તથા પોલીસની ટીમ પણ દોડી આવી હતી.

### વાપીમાં બેઝબોલ સ્ટીક રાખનાર કારચાલક સામે કાર્યવાહી

વાપી: દાદરા નજીક બનાવેલા પોલીસ ચેકપોસ્ટ પાસે સેલવાસ દાદરા તરફથી આવતા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં એક કારમાંથી બેઝબોલ સ્ટીક મળી આવી હતી. પોલીસે તેનું નામઠામ પૂછતા હર્ષ વિજયસિંહ બાઈસ (ઉં.26, રહે., વલવાડા, ઉમરગામ, મૂળ દાદરા, દાનહ) હોવાનું જણાવ્યું હતું. જાહેરનામા ભંગ બદલ વાપી ડુંગરા પોલીસે કાયદાકીય પગલાં ભર્યા હતાં.

### વાપી નામધા તળાવ ફળિયાથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

વાપી: વાપી ટાઉન પોલીસ વાપી નજીકના નામધા તળાવ ફળિયા, પ્રફુલ પટેલના વાડા નજીકના ખુલ્લામાં બાતમી મુજબના નંબરવાળી કાર ઊભી હતી અને પોલીસને જોઈ કારમાંથી ઈસમ ભાગી છૂટયો હતો. કારમાંથી 3,59,440નો દારૂ મળી આવ્યો હતો. પોલીસે કાર અને દારૂ મળી કુલ રૂ.10,59,440નો મુદ્દામાલ કબજે કરી વાપી ટાઉન પોલીસમથકમાં પ્રોહિ.મુજબનો ગુનો નોંધાવ્યો હતો.

### પારડીના તીઘરા ગામેથી 5 જુગારી ઝડપાયા

પારડી: પારડી પોલીસે તીઘરા ગામ, ડુંગરી ફળિયામાં આવેલી દુકાનની સામે ઓટલા પર જુગાર રમી રહેલા રતિલાલ બાબુભાઈ નાયકા (ઉં.વ.65), બાલુભાઈ જગુભાઈ હળપતિ (ઉં.વ.42), કમલેશ જીણાભાઈ હળપતિ (ઉં.વ.45), ભાયલુ ભીમાભાઈ હળપતિ (ઉં.વ.30) અને રાજુ મગનભાઈ નાયક (ઉં.વ.35) (તમામ રહે. તિઘરા, તા.પારડી)ને ઝડપી પાડી કુલ રોકડા 900 કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઉમરગામમાં 3 ભંગારના વેપારી સામે ગુનો

ઉમરગામ: ઉમરગામ પોલીસે ગાંધીવાડી, ચિત્રકૂટ, પ્રગતિનગર ડમરું વાળી વિસ્તારમાં ગેરકાયદે ચાલતા ભંગારના ગોડાઉનના માલિકો સંચાલકો સામે કાર્યવાહી હાથ ધરી છે. GPCBની પરવાનગી તેમજ ફાયર એનઓસી વગર બાંધકામની પરમિશન વગર તેમજ રજિસ્ટર નિભાવ્યા વગર જ ભંગારનો ધંધો કરતાં અશફાક ખાન, મોહમદ મન્સૂરી અને અબ્દુલ રહીમ મહંમદ ચૌધરી વિરુદ્ધ જાહેરનામાનો ભંગનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

## ગણદેવીના વાઘરેચ પંચાયતનાં કામોમાં ગેરરીતિના આક્ષેપ



કેરસી બારીયા

**ગટર,** ચોતરાનાં કામો કાગળ પર, ઓછું કામ કરી પૂરી રકમની ચૂકવણી: માજી સરપંચ

### તપાસ કરી માહિતી આપવામાં આવશે: ડીડીઓ

નવસારી જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતાએ આ મુદ્દે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે કચેરીની રજા હોવાના કારણે તાત્કાલિક માહિતી આપી શકાશે નહીં. આવતીકાલે નાયબ ડીડીઓ પાસેથી વિગતો મેળવી તપાસ અહેવાલ અંગે માહિતી આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે જલાલપોર ટીડીઓની બદલી બાદ હાલ તપાસની જવાબદારી ગણદેવી ટીડીઓ તેમજ જલાલપોર ટીડીઓના ચાર્જ ધરાવતા અધિકારી પાસે છે અને તે અંગે તપાસ કરી માહિતી આપવામાં આવશે.

### મનહર ટંડેલ ખોટી અરજીઓ કરી રહ્યા છે: સરપંચ

વાઘરેચ ગ્રામપંચાયતના વર્તમાન સરપંચ સુજીતભાઈ પટેલે તેમની સામે લગાવાયેલા ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપોને નકારી કાઢ્યા હતા. તેમણે જણાવ્યું કે મનહર ટંડેલ વિકાસ કામોમાં અડચણ ઊભી કરવા માટે ખોટી અરજીઓ કરી રહ્યા છે. સાથે જ તેમણે દાવો કર્યો કે અરજીઓની તપાસ થઈ ચૂકી છે.

બીલીમોરા: ગણદેવી તાલુકાના વાઘરેચ ગ્રામ પંચાયત ખાતે વિકાસકામોમાં મોટા પાયે ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપો સામે આવતા મામલો ચર્ચાનો વિષય બન્યો છે. ગામના માજી સરપંચ મનહર રમણભાઈ ટંડેલએ વર્તમાન સરપંચ સુજીતભાઈ પટેલ સામે ગંભીર આક્ષેપો લગાવી નવસારી જિલ્લા વહીવટી તંત્ર સહિત રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલયમાં દાદ માંગી છે.

માજી સરપંચના જણાવ્યા મુજબ, ગામમાં થયેલા અનેક વિકાસકામોમાં ગેરરીતિ આચરી લાખો રૂપિયાનું નુકસાન કરાયું છે. આ અંગે તેમણે દસ્તાવેજી પુરાવા સાથે મામલતદાર, ડીડીઓ અને કલેક્ટર કચેરી સુધી વારંવાર રજૂઆતો કરી હોવા છતાં તપાસમાં કોઈ સ્પષ્ટ પ્રગતિ થઈ નથી. ફરિયાદને આધારે સમિતિ રચાઈ હોવા છતાં તેની તપાસનો અહેવાલ જાહેર થયો નથી. વધુમાં, નવસારી ડીડીઓ દ્વારા જલાલપોરના તત્કાલીન ટીડીઓને તપાસ સોંપાઈ હોવા છતાં અહેવાલ રજૂ થયો નથી. ટીડીઓ બે વખત સ્થળ મુલાકાતે આવ્યા બાદ પણ કોઈ અંતિમ કાર્યવાહી કે અહેવાલ સામે આવ્યો નથી, જેને કારણે પ્રશ્નો વધુ ગંભીર બન્યા છે. ફરિયાદ મુજબ, ઓક્ટોબર ૨૦૨૪ પછી ગામમાં કોઈ નિયમિત ગ્રામસભા યોજાઈ નથી અને માત્ર કાગળ પર જ કાર્યવાહી દર્શાવવામાં આવી છે. ગામની વાર્ષિક આવક રૂ. ૧૨ લાખથી વધુ હોવા છતાં વિકાસકામોની ગુણવત્તા નબળી હોવાનું જણાવાયું છે.

આક્ષેપોમાં ખાસ કરીને નાના માછીવાડામાં ગટરનું કામ અને વલસાડી ઘોલ વિસ્તારમાં ચોતરાનું કામ કાગળ પર દર્શાવાયું હોવા છતાં સ્થળ પર અસ્તિત્વ ન હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઉપરાંત પ્રાથમિક શાળાની દીવાલ, બ્લોક પેવિંગ, આંગણવાડી અને હવાડાના અપગ્રેડેશન જેવા કામોમાં ઓછું કામ કરીને પૂરી રકમની ચૂકવણી કરાઈ હોવાનો આક્ષેપ છે. રાજ્ય સરકારની ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટ હેઠળ બનાવાયેલા સ્ટોર રૂમ અને પાણીની ટાંકીના કામોમાં મૂળભૂત માળખાકીય બાબતો જેવી કે ફાઉન્ડેશન અને આર.સી.સી. બીમ ન હોવાને કારણે કામની ગુણવત્તા પ્રશ્નચિહ્ન હેઠળ આવી છે.

વધુમાં ૧૩૦ ફૂટ બોરિંગ માટે ચૂકવણી કરાઈ હોવા છતાં માત્ર ૩૦ ફૂટે જ પાણી મળ્યાનું જણાવાયું છે. તેમણે ઉમેર્યું કે જો તેમની ફરિયાદ ખોટી સાબિત થાય તો તેઓ લેખિતમાં માફી માંગવા તેમજ પોતાની સામે થનારી કાર્યવાહી ભોગવવા તૈયાર છે.

## તિથલ ગ્રામ પંચાયત જિલ્લાની પ્રથમ ડિજિટલ પંચાયત બની

**વોટ્સએપ** ચેટબોટનો આરંભ, જિલ્લાનાં 80 ગામમાં પણ સુવિધા શરૂ થશે, સમય બગાડી પંચાયત કચેરીએ ધક્કા ખાવાના મટશે



વલસાડ: ડિજિટલ ઇન્ડિયાના યુગમાં હવે ગામડાઓ પણ હાઈટેક બની રહ્યા છે. વલસાડ જિલ્લાના પ્રખ્યાત પર્યટન સ્થળ તિથલ ગામ પંચાયતના નામે વધુ એક મોટી સિદ્ધિ નોંધાઈ છે. ઈ-ગવર્નન્સ અને ટેકનોલોજીને છેવાડાના માનવી સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે તિથલ ગ્રામ પંચાયતે ગુજરાતમાં સૌપ્રથમવાર 'વોટ્સએપ ચેટબોટ' સેવાનો પ્રારંભ કર્યો છે. ત્યારબાદ જિલ્લાના 80 જેટલા ગામમાં પણ આ સુવિધાઓ શરૂ કરાશે.

વલસાડ શહેરને અડીને આવેલા તિથલ હવે ગુજરાતનું પ્રથમ એવું ગામ બન્યું છે જ્યાં પંચાયતનો વહીવટ લોકોના વોટ્સએપ પર આવી ગયો છે. રાજ્યમાં ઈ-ગવર્નન્સને પ્રોત્સાહન આપવા માટે તિથલ ગ્રામ પંચાયતે નવતર પ્રયોગ હાથ ધર્યો છે. જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત દ્વારા આ વોટ્સએપ ચેટબોટ સેવાનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ એક એવી સુવિધા છે જેમાં ગ્રામજનોએ સામાન્ય માહિતી કે કામકાજ માટે પંચાયત કચેરીના ધક્કા ખાવા પડશે નહીં. જન્મ-મરણના દાખલા, ઘરવેરા કે પાણીવેરાની બાકી રકમ, સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી અને પંચાયતના અન્ય પ્રમાણપત્રો માટેની અરજીની પ્રક્રિયા હોય કે પછી કોઈ પણ ફરિયાદ માટે ગામ પંચાયત કચેરીમાં ગામજનોએ ધક્કા ખાવાનો વારો નહીં આવશે. તિથલ ગામના લોકો અને અહીં આવતા લાખો પ્રવાસીઓને ધ્યાને રાખતા આ સેવા ખૂબ જ મહત્ત્વની સાબિત થશે. ખેતીકામ કે મજૂરી કરતાં ગ્રામજનોએ હવે પોતાનો કિંમતી સમય બગાડીને કચેરીમાં લાઈનોમાં ઊભા રહેવું પડશે નહીં. ડિજિટલ પારદર્શિતા વધતા વહીવટમાં પણ ઝડપ આવશે. આ જ પ્રકારના વોટ્સેપ બોટ જિલ્લાના 80 ગામમાં શરૂ કરાયા છે. જેમાં સૌથી વધુ 23 ગામ વલસાડ તાલુકાના છે તેમજ કપરાડા તાલુકાના મુખ્ય મથક કપરાડામાં પણ આ સુવિધા શરૂ કરાશે. ત્યારબાદ જિલ્લાના અન્ય ગામોને પણ આ સુવિધામાં આવરી લેવાશે.

## પાલિકાનો વેરો ભરો નહીં તો સીલ, નળ કનેક્શન કટ

**વલસાડ** નગરપાલિકાએ બે મિલકતને સીલ માર્યાં, નળ જોડાણ કાપ્યાં, 50થી વધુને નોટિસ

### રૂ.16.89 કરોડની વસૂલાત



વલસાડ નગરપાલિકાએ ચાલુ વર્ષે કુલ રૂ.19.64 કરોડના માંગણા સામે કુલ રૂ.16.89 કરોડની વસૂલાત કરી છે. જેમાં ચાલુ વર્ષનું માંગણું રૂ.15.76 કરોડનું હતું. જેની સામે ચાલુ વર્ષની વસૂલાત રૂ.13.44 કરોડની થઇ છે. જ્યારે રૂ.3.88 કરોડના પાછલા માંગણા સામે રૂ.3.42 કરોડની વસૂલાત થઇ છે. ત્યારે નગરપાલિકા પાછલા માંગણાની વસૂલાતમાં ખૂબ આગળ ચાલી રહી હોવાનું જોવા મળ્યું છે.

### મિલકત જપ્તીની કાર્યવાહી પણ થઈ શકે

વલસાડમાં કેટલાક લોકો પાલિકાનો વેરો ભરવામાં કસર કરી રહ્યા છે. જેમાં કેટલાક લોકો પોતાની બંધ મિલકતો તો કેટલાક ચાલુ મિલકતોનો પણ વેરો ભરતા નથી. જેમની સામે નગરપાલિકા કડક હાથે કામ લઇ રહી છે. વર્ષોના બાકી વેરાની વસૂલાત માટે પાલિકા હવે મિલકતો સિલ કરવાની તેમજ મિલકત જપ્તીની કાર્યવાહી પણ કરશે એવું જાણવા મળ્યું છે.

વલસાડ: વલસાડ નગરપાલિકાનો વેરો નહીં ભરનારા સામે હાઉસ ટેક્સ વિભાગે રોજની 20થી 25 નોટિસ કાઢી રહ્યું છે. ત્યારે આજરોજ તેમણે વેરા વસૂલાત માટે વોર્ડ નં. 15 માં ટીવી રીલે કેન્દ્ર વિસ્તાર અને શ્રીનગર સોસાયટીમાં ચેકિંગ હાથ ધરી 2 મિલકત સીલ કરી હતી અને બે મિલકતના નળ કનેક્શન કાપ્યા હતા.

વલસાડ હાઉસ ટેક્સ સુપરિટેન્ડન્ટ રમણભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, જે મિલકતધારકો વેરો ભરવામાં કસૂર કરી રહ્યા છે, તેમને નોટિસ આપી છે તેમજ જે વ્યક્તિઓ વર્ષોથી વેરો નથી ભરતા તેમની મિલકતો સીલ કરવાની અને તેના નળ કનેક્શન કાપવાનું પણ કાર્ય ચાલી રહ્યું છે. જે અંતર્ગત આજરોજ બે મિલકત સીલ કરાઇ હતી અને બે નળ કનેક્શન કાપી નાખ્યા હતા. આજ રોજ 23 નોટિસ પાઠવી હતી. જેની સાથે ચાલુ માસમાં 1200 થી વધુ નોટિસો ઈસ્યુ થઈ છે. તેમણે જણાવ્યું કે ચાલુ વર્ષે 85 ટકાના લક્ષ્યાંક સાથે વલસાડ પાલિકા સાઉથ ઝોનમાં પ્રથમ નંબરે આવી છે.

## સિલધા ગામે જમીનમાં ખાડા ખોદવા મુદ્દે કુહાડીથી હુમલો

વલસાડ: કપરાડાના સિલધા ગામે વન વિભાગની જમીનમાં ખાડા ખોદવા મુદ્દે થયેલા વિવાદમાં એક ઈસમને ગંભીર ઈજા થતાં વલસાડ સિવિલમાં સારવાર માટે દાખલ કરાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, શાંતુ એવાજીભાઈ ભાવર (રહે., સિલધા ગામ, સેનદર, પાડા ફળિયુ) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના પિતા એવાજી રાવજીભાઈ મહુડા વીણવા જઈ રહ્યા હતા ત્યારે ફળિયામાં રહેતા જેઠ તુલસીભાઈ દેવજીભાઈ ભાવરે કુહાડી વડે માથાના પાછળના ભાગે અને જમણા હાથની આંગળીમાં મારતા લોહી નીકળી હતું. જેથી અનિલભાઈ વસાવાએ પિતા પાસે દોડી તેમને સારવાર માટે વલસાડ સિવિલમાં લઈ જવાયા છે. ઘટના અંગે તેમણે તુલસીભાઈ દેવજીભાઈ ભાવર સામે કપરાડા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

## વલસાડ જિલ્લા વન વિભાગના બે અધિકારીની બદલી

**નાનાપોંઢા** રેન્જના પરિયક્ષેત્ર વન અધિકારી મોબાઈલ સ્ક્વોડ તરીકે અલ્કેશ આર. પટેલ

**વલસાડ** ઉત્તરના પરિયક્ષેત્ર વન અધિકારી તરીકે હિરેન કુમાર બી. પટેલ નિયુક્ત

વલસાડ: રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પરિયક્ષેત્ર વન અધિકારી વર્ગ-2 સવર્ગના 35 અધિકારીની બદલીના ઓર્ડર કરાયા છે. જેમાં વલસાડ જિલ્લામાં દક્ષિણ વન વિભાગ હેઠળના નવ નિયુક્ત નાનાપોંઢા રેન્જના પરિયક્ષેત્ર વન અધિકારી મોબાઈલ સ્ક્વોડ તરીકે ફતેપુરા, દાહોદ સામાજિક વનીકરણ રેંજના અધિકારી અલ્કેશ રાજેશ ભાઈ પટેલની નિમણૂક કરાઈ છે. જ્યારે વલસાડ ઉત્તર વન વિભાગ, વલસાડ વર્કિંગ પ્લાન 1 રેન્જ વલસાડ ઉત્તરના પરિયક્ષેત્ર વન અધિકારી તરીકે સુરત વન વિભાગના વાંકલ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારી હિરેનકુમાર ભરતભાઈ પટેલની નિમણૂક કરાઈ છે.

લાંબા સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલી ક્યારે?

વલસાડ દક્ષિણ વન વિભાગ હેઠળની રેન્જોમાં લાંબા સમયથી આર.એફ. ઑ તરીકે ફરજ બજાવતા અનેકવિધ અધિકારીઓ તેમનો નિયત સમયગાળો પૂર્ણ કર્યો હોવા છતાં તેમની બદલીઓ થતી નથીની ચર્ચાઓ ઊઠી રહી છે. ત્યારે હવે સંબંધિત વિભાગના અધિકારીઓ આ મુદ્દે તપાસ કરી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓની બદલીઓ ક્યારે કરશે તે જોવું રહ્યું.

## નાર નદીમાં નાહવા ગયેલા યુવકનું ડૂબી જતાં મોત

ધરમપુર: ધરમપુરના તામછડી ગામની નાર નદીમાં નાહવા ગયેલા યુવકનું ડૂબી જવાથી મોત નીપજયું હતું. તામછડી ગામના વરલાપાડા ફળિયામાં રહેતા અલ્કેશભાઈ પંઢરભાઈ નાયક બુધવારે તામછડી ગામના ચુલ્યાપાડા ફળિયામાં આવેલી નાર નદીમાં નાહવા માટે ગયા હતા અને તેઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

આ બનાવની જાણ થતાં જ પહોંચેલી ધરમપુર નગરપાલિકા ફાયર બ્રિગેડ ટીમને બે કલાકની જહેમત બાદ મૃતદેહને બહાર કાઢ્યો હતો. આ બનાવ અંગેની જાણ રાજેશ પંઢરભાઈ નાયકે ધરમપુર પોલીસમથકે કરી હતી.



ઉમેશ સોલંકી

## સોળસુંબામાં જર્જરિત કસ્તુર પ્લાઝા ઉતારી પાડવા નોટિસ

**કોઈ** દુર્ઘટના, જાનહાનિ થાય તો જવાબદારી રહીશોની રહેશે

ઉમરગામ: ઉમરગામના સોળસુંબામાં જર્જરિત જોખમી કસ્તુર પ્લાઝા એપાર્ટમેન્ટ બિલ્ડિંગ ખાલી કરી ઉતારી પાડવા સોળસુંબા ગ્રામ પંચાયતે નોટિસ ફટકારી છે. ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામે 35 વર્ષથી વધુ જૂની કસ્તુર પ્લાઝા એપાર્ટમેન્ટ બિલ્ડિંગ આવેલી છે. આ બિલ્ડિંગ ખૂબ જ જર્જરીત બની ગઈ છે અને ગમે ત્યારે તૂટી પડી શકે છે. દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતી છે. હાલમાં આ બિલ્ડિંગના ફ્લેટમાં તથા ભોંયતળિયે આવેલી દુકાનો ચાલુ હોય અહીં રહેતા લોકોના માથે જોખમ તોડાઈ રહ્યું છે. તો તાત્કાલિક અસરથી દિન 7 માં આ બિલ્ડિંગ ખાલી કરવામાં આવે તેવી નોટિસ પ્રમુખ, સેક્રેટરી કસ્તુર પ્લાઝા એપાર્ટમેન્ટને ગ્રામ પંચાયત દ્વારા ફટકારવામાં આવી છે. અને જો કસૂર કરશો તો કોઈ દુર્ઘટના, જાનહાનિ થાય તો પૂરેપૂરી જવાબદારી બિલ્ડિંગમાં રહેતા લોકોની રહેશે. વધુમાં આ બિલ્ડિંગ એપાર્ટમેન્ટ મુખ્ય રસ્તાને અડીને આવેલી હોય રાહદારી લોકોના માથે પણ જાનહાનિનો ભય સતાવી રહ્યો છે.


### જાહેર નોટીસ

જત હમારા અસીલ શ્રી ગૌરવ યોગેશભાઈ વ્યાસ, રહે. જૂનો વાંદરી મહોલ્લો, નવસારી હાઈસ્કુલ પાસે, નવસારી, તા. જી. નવસારીનાઓની ખાસ સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટીસથી જાહેર જનતાને જણાવવાનું કે

મોજ-અષ્ટગામ, તાલુકો:- નવસારી, જીલ્લો:- નવસારી મુકામે આવેલ ખાતા નં. ૮૧૬, બ્લોક નં. ૩૩૨/૨, ક્ષેત્રફળ હે.આર.ચો.મી. ૧-૨૭-૪૮ (જરાયત) તથા હે.આરે.ચો.મી. ૦-૦૪-૦૫ (પો.ખ.અ.) મળી કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો. મી. ૧-૩૧-૫૩, આકાર રૂા. ૯.૯૭ પૈસા વાળી જમીન જે હાલ સીટી સર્વે નં. NA૩૩૨/૨ જેનો ટીકા નં. NA૯૯ થી ચાલી આવેલ જમીન કેમેરીન નટવરલાલ પટેલનાઓની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. તેમની પાસેથી હમારા અસીલે સદર જમીન સાટાખત રૂએ વેચાણ રાખેલ હતી. પરંતુ હમારા અસીલ તથા કેમેરીન નટવરલાલ પટેલનાઓ વચ્ચે અવેજ બાબતે તકરાર થતા હમારા અસીલે તા. ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર ન્યુઝ પેપરમાં એક જાહેર નોટીસ આપેલ હતી. હાલ હમારા અસીલ તથા કેમેરીન નટવરલાલ પટેલનાઓ વચ્ચે સમાધાન ગયેલ છે. સદર જમીન હવે પછી કેમેરીન નટવરલાલ પટેલનાઓ કોઈ ત્રાહિત વ્યક્તિને વેચાણ કરે તો તેમાં હમારા અસીલ ને કોઈ વાંધા, વિરોધ નથી કે હમારા અસીલ ભવિષ્યમાં કોઈ વાંધા, વિરાધ કરશે નહિ જેની હમારા અસીલ બાંહેધરી આપે છે. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૯-૦૩-૨૦૨૬ મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

### જાહેર નોટીસ

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે ગ્રામ પંચાયત સુલતાનપુર, તા. જલાલપોર, જી. નવસારી દ્વારા બ્લોક નંબર ૧૨૦,૮૩૫,૧૫૬ તળાવમાંથી માટી ખોદી લઈ જવાનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. ટેન્ડર રૂપિયા ૧૦૦૦/- ભરી ગ્રામપંચાયત સુલતાનપુર પાસેથી લેવાનું રહેશે. ટેન્ડરની તમામ શરતો ટેન્ડર ફોર્મમાં આપવામાં આવેલ છે. ટેન્ડર તા. ૨૦/૦૩/૨૦૨૬ થી તા. ૨૮/૦૩/૨૦૨૬ સુધી ટેન્ડર ગ્રામ પંચાયત સુલતાનપુરને પોસ્ટ દ્વારા મોકલવાનું રહેશે. જેમનું ટેન્ડર લાગશે તેમને ગ્રામ પંચાયત સુલતાનપુર દ્વારા જાણ કરવામાં આવશે. ટેન્ડર મંજૂર કે ના મંજૂર કરવાની તમામ સત્તા ગ્રામ પંચાયત સુલતાનપુરની રહેશે.

ખાસ નોંધ: ટેન્ડર ફી દરેક બ્લોક નંબરની અલગથી લેવાની રહેશે અને ડીપોઝીટ પણ અલગથી આપવાની રહેશે.

લિ.
ગ્રામ પંચાયત સુલતાનપુર
તા. જલાલપોર જી. નવસારી